# કોંગ્રેસમાં ધરખમ ફેરફારના સંકેત

## લોકસભા ચુંટણીમાં કારમી હાર બાદ પ્રથમ મોટો નિર્ણય : પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા સોનિયા ગાંધી અને રાહુલ સક્રિય

નવી દિલ્હી, તા.૧૦

લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ મોટા ફેરફારની તૈયારીઓ કોંગ્રેસ પાર્ટી દ્વારા કરી લેવામાં આવી છે. આના ભાગરૂપે જ કોંગ્રેસે ધરખમ ફેરફારના સંકેત રૂપે રાજકીય રીતે અતિમહત્વપૂર્ણ ગણાજા ઉત્તરપ્રદેશમાં રાજ્ય એકમને વિખેરી નાખતા સનસનાટી મચી ગઈ છે. અન્ય રાજ્યોમાં પણ ધરખમ ફેરફારના સંકેત દેખાઈ રહ્યા છે. પક્ષના જનરલ સેક્રેટરી જનાર્દન દ્વિવેદીએ માહિતી આપતા કહ્યું છે કે, ઉત્તરપ્રદેશના તમામ રાજ્ય, જિલ્લા અને બ્લોક કમેટીઓને વિખેરી દેવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા નિર્મલ ખતરી હોદ્દા ઉપર યથાવત રહેશે. કોંગ્રેસમાં સામાન્ય એવી પ્રથા છે કે, જ્યાં સુધી અનુગામીની જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી પીસીસીના વડાઓ હોદ્દા ઉપર જારી રહે છે. લોકસભાની ચુંટણીમાં ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસની હાલત ખૂબ જ કફોડી રહી હતી. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો પૈકી કોંગ્રેસને માત્ર બે જ બેઠકો મળી હતી જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જીતી શક્યા હતા. આ બન્ને ક્રમશઃ રાયબરેલી અને અમેઠિમાંથી જીત્યા હતા. બાકીના તમામ કોંગ્રેસી ઉમેદવારો હારી ગયા હતા. વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસે ઉત્તરપ્રદેશમાં ૨૨ બેઠકો જીતી હતી. પરંતુ ત્યારબાદથી કોંગ્રેસની પડતી થઈ છે. વર્ષ ૨૦૧૨ વિધાનસભાની ચુંટણી દરમિયાન પણ પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસનો ઉત્તરપ્રદેશમાં સફાયો થયો છે જ્યારે ભાજપે નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે ૨૦૦૯માં તેની બેઠકોની સંખ્યા ૧૦ હતી જે અત્યારે વધારીને ૭૧ ઉપર પહોંચાડી દીધી છે. ઉત્તરપ્રદેશની જેમ જ અન્ય રાજ્ય એકમોમાં પણ ફેરફાર કરવામાં આવનાર છે. પક્ષની કારોબારી પાંખની લાંબા સમયથી રચના કરવામાં આવી નથી. દિલ્હી અને હરિયાણામાં જ્યાં નવા પીસીસી વડા નિમાઈ ચુકયા છે. કોંગ્રેસને લોકસભાની ચુંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી હતી. સોનિયા ગાંધીને હાલમાં જ પાર્ટી કોંગ્રેસ કારોબારી સમિતિ દ્વારા તમામ નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી હતી. પક્ષમાં નવા પ્રાણ ફુંકવાના હેતુસર સોનિયા ગાંધીને સત્તા અપાઈ હતી. આગામી વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં લઈને કોંગ્રેસ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષમાં જ વિધાનસભાની ચુંટણી યોજાનાર છે જેમાં મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચુંટણીનો સમાવેશ થાય છે.



## લક્ઝરી કારની કિંમતમાં ૩૦ લાખ સુધીનો ઘટાડો


નવી દિલ્હી, તા.૧૦

લક્ઝરી કારની કિંમતમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. લક્ઝરી કાર મોડલની કિંમતમાં છેલ્લા થોડાક મહીનાના ગાળામાં ૧૦થી ૩૦ લાખ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે.તાતાની માલિકીની જગુઆર કારની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યો છે. આવી જ રીતે મર્સીડીઝ એસ ક્લાસ-૫૦૦ હવે ૧.૩૬ કરોડ રૂપિયામાં વેચાઈ રહી છે. તેની કિંમતમાં ૩૦ લાખ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. લક્ઝરી કાર મોડલની કિંમતોમાં ઘટાડો થવા માટે જે કારણ જવાબદાર છે તેમાં કાર બનાવનાર કંપનીઓ સ્થાનિક રીતે વધુ સંશાધનો એકત્રિત કરી રહ્યા છે. ત્રીજી પેઢીની બીએમડબલ્યુ એક્સ-૫ની કિંમતમાં પણ ૧૦ લાખ રૂપિયો સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. જગુઆરમાં પણ આવી જ હાલત થયેલી છે. જર્મનીની કાર બનાવતી કંપની મર્સીડીઝ બેન્ઝ અને બીએમડબલ્યુના સોર્સ એન્જીન ભારતીય વાણિજ્ય વાહનો પાસેથી ઉપલબ્ધ થઈ રહ્યા છે. જગુઆરની નવી કિંમત ૯૧ લાખ થઈ ગઈ છે જે અગાઉ ૧.૧૬ કરોડ હતી. બીએમડબલ્યુ એક્સ-૫ની કિંમત અગાઉ ૮૦.૬૦ લાખ હતી જે હવે ૭૦.૯૦ લાખ થઈ ગઈ છે. આ ઉપરાંત ઓડી ક્યુ-૭ની કિંમત અગાઉ ૮૨.૧૧ લાખ હતી જે હવે ૭૮.૩૨ લાખ થઈ છે. અન્ય કાર કંપનીઓની હાલત કફોડી છે.

## વોટબેંકની રાજનીતિનો સમય જતો રહ્યો છે : અરૂણ જેટલી

નવી દિલ્હી, તા.૧૦

ભારતના નાણાંપ્રધાન તરીકે તેમના પ્રથમ ભાષણમાં ભાજપના નેતા અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, વોટબોંકની રાજનીતિને હવે કોઈપણ સ્થાન મળશે નહીં. ભાજપની લોકસભા ચુંટણીમાં જીત આનો સ્પષ્ટ સંકેત આપે છે. હવે વધુ શાનદાર દેખાવ કરવા તેમના ઉપર દબાણ વધી ગયું છે. લોકોની અપેક્ષાઓને પૂરી કરવાની જવાબદારી અમારી રહેશે. જેટલીએ એમપણ કહ્યું હતું કે, ભારતીય લોકશાહી મજબૂત બની છે લોકો હવે સ્થિર સરકાર ઈચ્છે છે અને પાંચ વર્ષ સુધી ચાલી શકે તેવી સરકાર ઈચ્છે છે. આ જ કારણસર મજબૂત બહુમતી ભાજપને મળી છે. લોકો પોતાને નિઃસહાય જોઈ રહ્યા હતા અને નારાજ પણ હતા. શાસનવિરોધી પરિબળના કારણે તથા ભાજપમાં



વિશ્વાસના લીધે અમે સત્તા પર આવ્યા છીએ. નરેન્દ્ર મોદીમાં લોકોને નવી આશા દેખાઈ રહી છે. જેટલીએ એમપણ કહ્યું હતું કે, ભૂતકાળની ભુલોથી કોંગ્રેસને બોધપાઠ લઈને આગળ વધવાની જરૂર છે. ભારત નિર્માણની જાહેરાતને લઈને લોકો ચર્ચા કરી રહ્યા હતા. કોંગ્રેસ સામેનો ચુકાદો નારાજગીનું પરિણામ છે. અમને લોકોએ મોટી જવાબદારી સોંપી છે જેથી અમે ખૂબ જ ગંભીરતાપૂર્વક લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાના પ્રયાસ કરીશું. દેશના અર્થતંત્રને મુશ્કેલીમાં મુકી દેવાનો કોંગ્રેસ પર આક્ષેપ કરતા જેટલીએ કહ્યું હતું કે, ૨૦૦૪માં જ્યારે કોંગ્રેસ સત્તા પર આવી ત્યારે ૮.૫ ટકાનો વિકાસદર હતો. ભારત હવે ૫ ટકાથી પણ ઓછા દરે આગળ વધી રહ્યું છે. એપ્રિલ ફુગાવાનો આંકડો ૮.૯ ટકાનો હતો. અરૂણ જેટલી ટૂંક સમયમાં જ મોદી સરકારનું પ્રથમ બજેટ રજૂ કરનાર છે.

## શેરબજાર કેપનો આંક હવે ૧.૫ ટ્રિલીયન ડોલર થયો

નવી દિલ્હી, તા.૧૦

નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના પરિણામ સ્વરૂપે તથા અન્ય પરિબળોના લીધે શેરબજારમાં માર્કેટકેપ હવે ૧.૫ ટ્રીલીયન ડોલરના આંકડાને પાર કરી ગઈ છે. નવા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતની લીસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડીનો આંકડો ૧.૫ ટ્રિલીયન સુધી પહોંચી ગયો છે અબજો ડોલરો ભારતમાં ઠાલવવામાં આવ્યા છે હાલમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં નરેન્દ્ર મોદીની ઐતિહાસિક જીત બાદ જંગી નાણાં ઠાલવવામાં આવી રહ્યા છે. ભાજપને શાનદાર જીત અપાવ્યા બાદ હવે સુધારાની ગતિ ઝડપી થશે તેવી અપેક્ષા દેખાઈ રહી છે. છેલ્લા ૩૦ વર્ષના ગાળામાં સૌથી મોટી જીત હાલમાં જ ભાજપને મળી હતી. હવે અર્થતંત્રની ગતિને તીવ્ર બનાવવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. રોજગારીની વધુ તકો ઉભી કરવા અને અર્થતંત્રને ફરી પાટા ઉપર લાવવાના વચનો આપવામાં આવી ચુક્યા છે.

## કરાંચી એરપોર્ટ હુમલામાં મૃતાંક વધીને ૩૭



કરાંચી,તા. ૧૦

પાકિસ્તાનમાં આતંકવાદી ગતિવિધીમાં ફરી એકવાર તીવ્ર વધારો થઈ ગયો છે. કરાંચીમાં એરપોર્ટ ઉપર હુમલો કરીને ૩૦થી પણ વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ તાલીબાની ત્રાસવાદીઓએ આજે ફરી એકવાર ભીષણ હુમલો કરી દીધો હતો. આજે કરાંચીના એરપોર્ટ ખાતે આવેલી સિક્યોરિટી એકેડમી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના સૌથી વ્યસ્ત રહેતા એરપોર્ટ ઉપર ગઈકાલે હુમલો કરાયાના એક દિવસ બાદ જ ફરી હુમલો કરાયો હતો. પાકિસ્તાની તાલિબાનના પ્રવક્તા શહીદઉલ્લાએ કહ્યું હતું કે, બીજા સફળ હુમલાની જવાબદારી અમે સ્વીકારી રહ્યા છીએ અમે અમારા ટાર્ગેટને પાર પાડવામાં સફળ રહ્યા છીએ. આવા જ વધુ હુમલાઓ કરવામાં આવશે. ૧૦ જેટલા ત્રાસવાદીઓએ સશસ્ત્ર રીતે કરાંચી એરપોર્ટ પર હુમલો કર્યો હતો જેમાં આજે મોતનો આંકડો વધીને ૩૭ ઉપર પહોંચ્યો હતો. તાલીબાને કહ્યું છે કે, શાંતિ મંત્રણાને લઈને સરકાર ગંભીર નથી. નવાઝ શરીફે બિનજરૂરી હિલચાલ હાથ ધરી છે. મંગળવારના દિવસે મોટરબાઈક ઉપર આવેલા ત્રાસવાદીઓએ એરપોર્ટ સિક્યોરિટી ફોર્સ દ્વારા ચલાવવામાં આવતી એકેડમી ઉપર હુમલો કર્યો હતો. અંધાધુંધ ગોળીબાર કર્યા બાદ ત્રાસવાદીઓ ફરાર થઈ ગયા હતા. સુરક્ષાદળોએ તેમને પકડી પાડવા પીછો પણ કર્યો હતો. પાકિસ્તાનના વાણિજ્ય પાટનગરના વિમાની મથક નજીક ગોળીબારનો અવાજ સંભળાયો હતો. ઘટના સ્થળે ચાર એમ્બ્લુલન્સ પણ જોવા મળી હતી. નવેસરના હુમલામાં ખુંવારી અંગે કોઈ માહિતી મળી શકી નથી. બીજી બાજુ કરાંચી વિમાની મથકે સાવચેતીના પગલા રૂપે કેટલીક ફ્લાઈટો સસ્પેન્ડ રાખવામાં આવી હતી. બીજી બાજુ પાકિસ્તાની ફાટરજેટ વિમાનોએ તાલીબાની અડ્ડા ઉપર આજે ગોળીબાર કર્યો હતો.

## ઉત્તરપ્રદેશમાં ભાજપના અન્ય એક નેતાની હત્યા

નવી દિલ્હી, તા.૧૦

દાદરીમાં ભાજના નેતા વિજય પંડિતની હત્યાના દિવસો બાદ જ અન્ય એક ભાજપના નેતાની આજે હત્યા કરી દેવાઈ હતી. ઉત્તરપ્રદેશમાં ભાજપના એક નેતાની હત્યાથી ચકચાર મચી ગઈ હતી. મુઝફ્ફરનગરમાં મીરપુર શહેર એકમના પ્રમુખની હત્યા કરી દેવામાં આવી હતી. બે હુમલાખોરો દ્વારા તેમના ઉપર અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ થઈ રહેલી સ્થિતિના સંદર્ભમાં આજે ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રીની બેઠકના દિવસે જ આ બનાવ બન્યો હતો. અખિલેશ યાદવે તમામ ડિવીઝનલ કમિશનર, જીલ્લા મેજીસ્ટ્રેટ, આઈજી, ડીઆઈજી, જિલ્લા પોલીસ અધિકારીઓ ઉપરાંત ટોચના સરકારી અધિકારીઓને મીટિંગ માટે બોલાવ્યા હતા. આ બેઠક મોડી સાંજ સુધી ચાલી હતી. આ બેઠકના સંદર્ભમાં માહિતી આપતા મુખ્ય સચિવ આલોક રંજને કહ્યું હતું કે, મુખ્યમંત્રીએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર ચર્ચા કરી છે. વહીવટીતંત્રની કામગીરીની પણ નોંધ લીધી હતી. જિલ્લાઓમાં પોલીસની કામગીરીને લઈને થઈ રહેલા પ્રશ્નોની પણ નોંધ લેવાઈ હતી.

## વિરાટ કોહલી હવે સૌથી મોંઘો સેલિબ્રિટી

નવી દિલ્હી,તા. ૧૦

વિરાટ કોહલીની લોકપ્રિયતા દિનપ્રતિદિન સતત વધી રહી છે. તેના મેદાન પર શાનદાર દેખાવના કારણે કરોડો ક્રિકેટ ચાહકો કોહલી તરફ આકર્ષિત થતા હવે જાહેરાત માં કોહલીને લેવા માટે મોટા ભાગની કંપનીઓ પડાપડી કરી રહી છે. તેના જાહેરાતના રેટમાં માત્ર છ જ મહિનાના ગાળામાં ૪૦ ટકાનો વધારો થઈ ગયો છે. હજુ તેની લોકપ્રિયતા વધે તેવા સંકેત છે. વિરાટ કોહલી હવે હવે સૌથી મોંઘો સ્પોર્ટસ સેલિબ્રિટી તરીકે ઉભરી ચુક્યો છે.તે હવે સચિન તેન્ડુલકર અને ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને પણ પછડાટ આપી ચુક્યો છે. છેલ્લા છ મહિનાના ગાળામાં કોહલીના જાહેરાતના રેટમાં ૪૦ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ટેમ



મિડિયા દ્વારા પ્રાપ્ત થયેલા આંકડામાં દર્શાવવામાં આવ્યું છે કે વિરાટ કોહલીએ એડમાં સૌથી વધારે નજરે પડવાના મામલે સચિનને પાછળ છોડી દીધો છે. વર્ષ ૨૦૧૨માં સચિન તેન્ડુલકર પ્રથમ ક્રમાંકે હતો. કોહલી કમાણીના મામલે પણ હવે સ્ટાર ખેલાડીઓથી આગળ નિકળી રહ્યો છે.જર્મન સ્પોર્ટસ વેર બનાવતી કંપની સાથે વિરાટે હાલમાં ૧૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ કર્યો હતો. જાહેરાતના મામલે વિરાટ કોહલી બોલિવુડની હસ્તીઓની નજીક પહોંચી રહ્યો છે. વિરાટ કોહલીની જાહેરાતની ફી ગયા વર્ષ બાદ સતત વધી છે. વર્ષ ૨૦૧૨ સુધી તે વાર્ષિક પ્રતિ બ્રાન્ડ ત્રણ કરોડ રૂપિયા લઈ રહ્યો હતો. વિરાટ કોહલી પાસે હાલમાં ૧૨થી વધારે બ્રાન્ડ હાથમાં છે. તેની પાસે એડિદાસ અને મંચ અને રેડ ચીફનો સમાવેશ થાય છે.

ટીમ ઈન્ડિયાને મેચો જીતાડવામાં તેની ભૂમિકા ચાવીરૂપ રહી છે.જેથી ભારતીય ક્રિકેટ ચાહકોમાં લોકપ્રિયતા વધી છે. કોહલી સચિન અને ધોની કરતા આગળ દેખાઈ રહ્યો છે. સચિન હજુ સુધી સૌથી લોકપ્રિય બનેલો હતો. પરંતુ હવે વિરાટ બન્ને સ્ટાર ખેલાડીથી આગળ નિકળી ગયો છે. સૌથી મોટા સેલિબ્રિટી તરીકે તેનો દબદબો જારી રહે તેવી શકયતા છે.વિરાટ કોહલીક્રિકેટના મેદાનમાં પણ એકપછી એક રેકોર્ડ સર્જી રહ્યો છે ત્યારે તેની જાહેરાતમાં પણ બોલબાલા દેખાઈ રહી છે.

## ગુડગાવ નજીક કોમી હિંસા ભડકી : સંચારબંધી લદાઇ

ગુડગાવ,તા. ૧૦

ગુડગાવ શહેરથી માત્ર ૩૨ કિલોમીટરના અંતરે સ્થિત તાવડુ વિસ્તારમાં કોમી હિંસા બાદ સ્થિતિ વિસ્ફોટક બનેલી છે. રવિવારના દિવસે હિંસાની શરૂઆત થયા બાદ આજે મંગળવારે પણ સવારે એક દુકાનને આગ ચાંપી દેવામાં ાવી હતી. છેલ્લા બે દિવસથી જારી સંચારબંધી આજે ત્રીજા દિવસે યથાવત રાખવામાં આવી હતી. સ્થાનિક વકીલ આસીમ ખાને કહ્યું હતું કે આગ ફાટી નિકળવાની સુચના મળ્યા બાદ તરત ફાયરની ટીમ પહોંચી હતી. એમ માનવામાં આવી રહ્યુ છે કે આ આગ મારફતે કેટલાક ચોક્કસ લોકો કોમી હિંસાની આગને



જાળવી રાખીને કેટલાક હિતો પૂર્ણ કરવા માંગે છે. ગઈકાલે સાંજે સંચારબંધીમાં રાહત આપવામાં આવી હતી. જેના કારણે સ્થિતી સામાન્ય બનશે તેમ લાગી રહ્યું હતુ પરંતુ સવારમાં ફરી એકવાર એક દુકાનને આગ ચાંપી દેવામાં આવ્યા બાદ સ્થિતી વિસ્ફોટક બનેલી છે. લોક સામાન્ય રીતે રાહત દરમિયાન માર્ગો પર નજરે પડ્યા હતા. તાવડુ પોલીસ સ્ટેશનમાં કુલ ૧૨ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. રેવાડી રેંજના આઈજી ઉપરાંત જિલ્લાના એસપી અને સીઆરપીએફની ટુકડી તૈનાત કરવામાં આવી છે. વહીવટીતંત્રે કોમી હિંસામાં ઘાયલ થયેલા તમામ લોકોની સારવારનો ખર્ચ ઉપાડવા માટેની તૈયારી બતાવી છે. બન્ને સમુદાયના લોકોની સાથે પણ વાતચીત કરવામાં આવી રહી છે. જો કે સ્થિતી હાલમાં તંગ બનેલી છે. તાવડુમાં હિંસાને લઈને ગુડગાવમાં હિન્દુ જાગરણ મંચના બેનર હેઠળ જોરદાર વિરોધ અને દેખાવો કરવામાં આવ્યા હતા. સંગઠને પોતાની માંગના સંબંધમાં દસ્તાવેજો પણ આપ્યા હતા. મોતને લઈને હોબાળો થયા બાદ હિંસા ભડકી ઉઠી હતી. હિંસાને રોકવા માટે તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. મેવાતના તાવડુ શહેરમાં રવિવારે હિંસાભડકી હતી. અહીં એક યુવાનના માર્ગ અકસ્માતમાં મોત બાદ હિંસાની શરૂઆત થઈ હતી.

## દેશના આઇપીઓ બજારમાં જોરદાર તેજીના સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા. ૧૦

મુડી બજારમાં તેજીના નવા દોરથી ઉત્સાહિત મોટી સંખ્યામાં કંપનીઓ શેર અને અન્ય માધ્યોમા મારફતે નાણાં એકત્રિત કરવાની તૈયારી કરી ચુકી છે. સુત્રોએ કહ્યું છે કે દેશમાં આઈપીઓ બજારમાં ફરી જોરદાર તેજીના સંકેત દેખાઈ રહ્યા છે. ઓછામાં ઓછી પાંચ કંપનીઓ છેલ્લા ૨૦ દિવસના ગાળામાં બજારમાંથી ૧૫૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની જાહેરાત કરી ચુકી છે. કંપનીઓ તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ આશાવાદી બનેલી છે. આ તમામ કંપનીઓ નાણા એકત્રિત કરવાના પ્રયાસોમાં લાગી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સત્તામાં આવ્યા બાદ બજારમાં નવા પ્રાણ ફુંકાયા છે. આની સાથે સાથે કંપનીઓમાં નવી મુડી એકત્રિત કરવા માટે ગતિવિધી પણ તીવ્ર બની ચુકી છે. રીટેલ રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો છે. તેમની વધતી ભાગીદારીના કારણે પ્રમોટર્સ ફંડ એકત્રિત કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. ફંડ એકત્રિત કરવાના સૌથી સફળ તરીકા રૂપે આને ગણવામાં આવે છે. બીજી બાજુ આઈપીઓ માર્કેટમાં પણ નવો ઉત્સાહ આવી રહ્યો છે. સીએનઆઈ રિસર્ચના અધિકારી કિશોર પી. ઓસ્વાલે કહ્યું છે કે પબ્લિક સેન્ટીમેટ્સ પ્રાઈમરી માર્કેટમાં સુધાર બાકી છે. પરંતુ આ બાબત ખુબ વહેલી તકે રહેશે. હવે બજારમાં નવા પ્રાણ ફુંકાઈ રહ્યા છે. શેરબજારમાં તેજી વચ્ચે સેન્સેક્સે ૨૫ હજારની સપાટી હાંસલ કરી છે.

## સમાચાર ઝલક

- દિલ્હી-વીજળી સંકટથી દિલ્હીવાસીઓમાં ત્રાહીમામ્ સાથે રોષ, તંત્ર દોડધામમાં.
- ધ્રાંગધ્રાની સ્કૂલવાનને અકસ્માત થતાં ૧૪ બાળકોને ઇજા, સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં.
- સૂરતમાં નિર્માણાદીન ફલાયઓવર તૂટી પડ્યો, ઇજાગ્રસ્તોને મેયરની સહાય.
- હોકી વિશ્વકપમાં ભારતનો ઓસ્ટ્રેલિયા સામે કારમો પરાજય.
- ગુજરાતમાં પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાતી વર્ગ-૧ અને ૨ની પરીક્ષામાં પાંચ વર્ષની ઉંમરની છૂટછાટ.
- આણંદ ડેરી કેમ્પસમાં દૂધ-ઉત્પાદકોની તોડફોડ - ઘર્ષણ.
- છેલ્લા વર્ષોમાં બચતમાં નોંધપાત્ર ઘટાડો થતો જાય છે.
- પાકિસ્તાનમાં લાહોરમાં તાપમાન ૫૧ ડિગ્રી સેલ્શિયસ. પાણી-વિજળી વિના ભયાનક યાતનાઓ ભોગવતાં લાહોરવાસીઓ.
- દર વર્ષે ૮ ઉપવાસ કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.
- સાસણમાં મેંગો ફેસ્ટિલવમાં કેરીની ૧૨૫ જાતનું પ્રદર્શન યોજાયું.
- ગુજરાતમાં કરવેરાની આવકમાં રૂા.૧૦,૦૦૦ કરોડની ઘટ્ટ.
- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની શીખથી મંત્રીઓ લક્ઝુરીય સુવિધાઓ માંગતા ખચકાય છે.
- તા. ૧૬મી જૂનથી સિંહોનું ચાર મહિનાનું વેકેશન, પ્રવાસીઓ માટે સ્થળ બંધ.
- મુખ્ય ચૂંટણી કમિશ્નર સંપત્તની મિલકતની લે-વેચ સંબંધે આવકવેરાની નોટિસ.
- આ વર્ષે દેશમાં ૯૩ ટકા વરસાદની આગાહી, ઓછા વરસાદના સંકેતથી આગોતરું આયોજન કરતું તંત્ર.
- બેંકમાં ખાતું ખોલાવવા કે.વાય.સી.ના નિયમો હળવા બનાવતી રિઝર્વ બેંક.
- જામનગરમાં સવારની શાળામાં ચાલતી પ્રાર્થના દરમિયાન ચાર વિદ્યાર્થીઓની હાલત કથળી.
- પશુઓનાં ખોરાકમાં એન્ટીબાયોટિક્સ માનવો માટે જોખમી, રોગપ્રતિકારક ઘટે છે.
- વાઇબ્રન્ટ ઇન્ડિયા સમિટ નવેમ્બર માસમાં યોજવાનું આયોજન.
- મલેશિયન વિમાનની ભાળ આપનારને ૩૦ કરોડનું ઇનામ.
- રાજકોટમાં સમાજકલ્યાણ ખાતાનાં કર્મચારીએ પત્નીના ત્રાસથી વખ ઘોળ્યું.
- અંકલેશ્વરના ઉદ્યોગ જગતનો નવતર પ્રયોગ, કન્યાઓને ઘેરબેઠાં શિક્ષણ આપી ધોરણ-૧૦ પાસ કરાવનાર શિક્ષકને ૧૧ હજાર ચુકવાશે.
- તા. ૧૧ થી ૧૩ જૂન દરમિયાન ગુજરાતમાં મેઘરાજાની સવારીની શકયતા.